

## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



લાભશંકર પુરૂષોત્તમદાસ વ્યાસ (૧૯૨૫) ફોન : ૨૩૨ ૬૦૮૯૬



શિવશંકર ડાહ્યાલાલ દવે (૧૯૩૭) ફોન : ૨૩૨ ૨૬૩૯૫



હેમલતાબેન હિરજીભાઈ જોશી (૧૯૩૧) ફોન : ૨૩૨ ૮૪૬૨૯



જશુમતીબેન જયશંકર પુરોહિત (૧૯૪૬) ફોન : ૨૩૨ ૩૭૬૦૩



ભરતભાઈ વિનુભાઈ દવે (૧૯૪૮) ફોન : ૨૩૨ ૪૦૦૬૬

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# લીંબોદરાના યુવાને ખેતરમાં જઈને ઝેરી દવા ગટગટાવી

## આપઘાતનું કારણ બહાર લાવવા પોલીસે તપાસ આરંભી

કલોલ, તા. ૪

કલોલના લીંબોદરા ગામમાં રહેતા ૨૦ વર્ષીય યુવાને પોતાના ખેતરમાં કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરી છે.

મુળ પંચમહાલ જિલ્લાના મુહલારા વિસ્તારનો વતની અને હાલ કલોલના લિંબોદરા ખાતે રહેતો ૨૦ વર્ષિય રાજુ કનુભાઈ ખડીયા ગઈકાલે બપોરના અરસામાં પોતાના ખેતરમાં હતો ત્યારે કોઈ કારણોસર તેણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આપઘાત કરવા પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પરંતુ કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને યુવાનનો મૃતદેહ પી.એમ. માટે મોકલી કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

# કોંગ્રેસની સરકાર ગુજરાતમાં આવશે તો ગેસના ૧૨ બાટલા સબસીડી આપીને સસ્તા દરે ગુજરાતીને અપાશે

ગાંધીનગર, તા. ૪

આજે અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓ અને આગેવાનોની વિશાળ સંખ્યાની એક મિટીંગને સંબોધન કરતાં વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, સાણંદની જમીન પર ગુજરાત રાજ્યના પશુઓની સારવાર માટે સંશોધન અને વ્યવસ્થાની ઉત્તમ યુનિવર્સિટીનું નિર્માણ કરવાનું હતું. ગુજરાતની સરકાર ગૌવંશના નામે રાજકારણ કર્યું, પરંતુ ગૌવંશ માટે અત્યંત ઉપયોગી બની રહે તેવી યુનિવર્સિટી સાણંદ પાસેથી છીનવી લઈને મફતના ભાવે આ જમીન માનીતા ઉદ્યોગપતિ ટાટાને પધરાવી દીધી છે. સાણંદ ખાતેના નેનો પ્લાન્ટ માટે અપાયેલી પશુ સંવર્ધન યુનિવર્સિટીની જમીન કે જેની કિંમત કરોડો રૂપિયા થાય છે તે મફતના ભાવે આપ્યા પછી પણ ભાજપની સરકારને સંતોષ ન થયો અને તેથી સાણંદ અને અમદાવાદ વચ્ચે પ્લાન્ટ ઉપરાંત ૧૦૦ એકર જમીન ટાઉનશીપ બનાવવા માટે આપી દેવામાં આવી છે. આ ટાઉનશીપ બનાવવાને બદલે જો ગુજરાતની સરકારે ગૃહિણીઓના ઘર બનાવ્યો હોત તો સમગ્ર સાણંદ મતવિસ્તાર અને અમદાવાદની પણ અનેક બહેનોને ઘરનું ઘર પ્રાપ્ત થઈ ગયું હોત. ગુજરાત સરકારે સહુનો સાથ લેવાની વાત કરીને માત્ર માનીતાનો વિકાસ કર્યો છે.

ગુજરાતમાં આમ આદમી પર કરનું સૌથી વધારે ભારણ નાંખીને માત્ર માનીતાઓને જ ગુજરાતની તિજોરી લૂંટાવી છે. દેશની કોંગ્રેસશાસિત સરકારોએ પોતાના રાજ્યના પરિવારોને સબસીડાઈઝ એટલે કે સસ્તા ગેસના બાટલા પૂરા મળી રહે તે માટે ૯ ગેસના બાટલા આપવાની શરૂઆત કરી દીધી છે. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની જનતાને એકપણ બાટલો સસ્તા દરે આપવાની જાહેરાત કરી નથી. માત્ર ને માત્ર જુઠ્ઠાણાંઓ અને કેન્દ્ર સરકાર પર દોષારોપણ કરીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આમ ગુજરાતીને કોઈપણ રાહત ગેસના બાટલામાં આપી નથી. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો ૬ બાટલા કેન્દ્ર સરકાર સબસીડી આપીને ગુજરાતની જનતાને આપશે અને બાકી જરૂરિયાત મુજબની બોટલો એ ગુજરાતની કોંગ્રેસની સરકાર સબસીડી આપીને ગુજરાતની જનતાને આપશે. એટલે કે વર્ષમાં પૂરા ૧૨ ગેસના બાટલા સબસીડીથી સસ્તા દરથી ગુજરાતની જનતાને કોંગ્રેસની સરકાર પૂરી પાડશે.

# રાજકોટમાં કોંગ્રેસને મોટી પછડાટ પડશે : નરેન્દ્ર મોદી

## આદિવાસીના હિતમાં કામ કરવા ખાતરી : ઉંમરગામથી અંબાજી સુધી પટ્ટો આદિવાસી માટે આદર્શ સાબિત થશે



અમદાવાદ, તા. ૪

કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધીએ અગાઉ છોટાઉદેપુરથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા અને ત્યાં કોંગ્રેસને હરાવીને આદિવાસી ભાઈ-બહેનોને કરારો જવાબ આપ્યો હતો. આ વખતે રાજકોટ ખાતેથી ચૂંટણી પ્રચારની શરૂઆત કરનારા સોનિયા ગાંધીને ત્યાં પણ ખૂબ મોટી પછડાટ પડવાની છે તેમ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દાહોદ જિલ્લાના લીમડી ગામે જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, વનબંધુ કલ્યાણ યોજના ૬ હજાર કરોડ રૂપિયાના પ્લાનીંગથી શરૂ કરી હતી જે આજે રૂપિયા ૪૦ હજાર કરોડના પ્લાનીંગે પહોંચી છે જે મારા આદિવાસી ભાઈ-બહેનોના જીવનમાં ઉજાશ અને ઉત્થાન કર્યું છે. ઉંમરગામથી અંબાજી સુધીનો પટ્ટો આદિવાસી ભાઈ-બહેનો માટે ખૂબ જ ઉજ્જવળ ભવિષ્ય હું જોઈ રહ્યો છું. આ વિસ્તારની તસુતસુ જમીન ગોલ્ડન બેલ્ટ સાબિત થવાની છે.મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગઈકાલે ચૂંટણી જાહેર થઈ, આચારસંહિતા લાગુ પડી ગઈ છે પરંતુ મારા જીવનની આચારસંહિતામાં ક્યારેય ઉની આંચ નહીં આવે તેની તમને ખાતરી આપું છું.

# કલોલ ડેપોથી ઈજાગ્રસ્ત હાલતમાં મળેલા પ્રૌઢનું સારવાર દરમ્યાન મૃત્યુ

## વાહનની અડફેટથી કે મારામારીથી પ્રૌઢને ઈજા થઈ હતી તે બાબત રહસ્યમય..!!

કલોલ, તા. ૪

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે એસ.ટી. ડેપો બહારથી થોડા દિવસો અગાઉ બિનવારસી હાલતમાં મળી આવેલા ઈજાગ્રસ્ત પ્રૌઢને કલોલ સિવિલ હોસ્પિટવ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. આ પ્રૌઢનું ગઈકાલે સારવાર દરમ્યાન પ્રાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. પ્રાથમિક તબક્કે કલોલ શહેર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

થોડા દિવસ અગાઉ કલોલ એસ.ટી. ડેપો પાસેથી પસાર થતા વેપારીને વહેલી પરોઢે પગે પાટા બાંધેલી હાલતમાં ઈજાગ્રસ્ત પ્રૌઢ બિનવારસી હાલતમાં પડેલાં મળી આવ્યો હતો. સારવાર માટે લઈ જતાં પ્રથમ વાર તબીબનો કડવો અનુભવો થયો હતો. ત્યારબાદ પ્રૌઢને દાખલ કરી સારવાર શરૂ કરાઈ હતી. ૪૫ વર્ષીય સુથા કરશનભાઈ વાવડીયા અત્યાર સુધી સારવાર હેઠળ હતા. દરમ્યાન ગઈકાલે તેમનું મૃત્યુ થવા પામેલ હતું.પગે અને શરીરે રહેલી ઈજાઓને પગલે આ મર્ડર છે કે અકસ્માતમાં ઈજાઓ થઈ હતી તે રહસ્યમય બન્યુ છે. પરંતુ પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરી છે.

# નારણપુરામાં ૨૫ કિલો સોનું રોડ પર જ પડ્યાની ફરિયાદ

## મુંબઇ ખાતે સોનું મોકલવાનું હતું : નારણપુરા પોલીસે ગુનો નોંધીને સઘન તપાસ હાથ ધરી : ભારે શોધખોળ

અમદાવાદ, તા. ૪

નવા વાડજ વિસ્તારમાં આવેલી સિક્યોરિટી ટ્રાન્સ. ઈન્ડિયા પ્રા.લિ. નામની કંપની મારફતે મુંબઈ લઈ જવાતા ૫૦૦ કિલો સોના પૈકી ૨૫ કિલો સોનાનું એક બોક્સ નારણપુરા વિસ્તારના શાસ્ત્રીનગર શાકમાર્કેટ નજીક ગાડીમાંથી સરકી ગયું હતું. રૂ.૮ કરોડની બજાર કિંમત ધરાવતું સોનું ગુમ થઈ થવાની ફરિયાદ નોંધાઈ છે.



ઘટનાની વિગત એવી છે કે નારણપુરા વિસ્તારમાં આવેલા પ્રગતિનગરની સિદ્ધિ એપાર્ટમેન્ટમાં રહેતા અને કૃષ્ણનગર ન્યૂ ગણેશ વિદ્યાલય નજીક આવેલા સહજાનંદ કોમ્પલેક્સમાં સિક્યોરિટી ટ્રાન્સ.પ્રા.લિ.નામની કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા બકુલ નરેન્દ્રભાઈ મહેતા (ઉ.વ.૪૬)એ નારણપુરા પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી હતી કે ન્યૂયોર્કની ન્યૂ મોનિક સિક્યોર લોજિસ્ટિક પ્રા.લિ. નામની કંપનીમાંથી મુંબઈની નોવા સ્ટેનિયા બેંકમાં મોકલવા માટે ૫૦૦ કિલો ગ્રામ સોનું આવ્યું હતું. એક બોક્સમાં ૨૫ કિલો એવા ૨૦ બોક્સ આવ્યા હતા. આ બોક્સ એક કાર મારફતે એરપોર્ટ પરથી ઓફિસ પર આવ્યા હતા. જેને એક ગાડીમાં મૂકી કંપનીના માણસો મુંબઈ જવા માટે રવાના થયા હતા. ગાડીમાં ડીઝલ ભરાવાનું હોવાથી ગાડી રાતે ૯ વાગ્યે ઓફિસ પરથી રવાના થઈ શાસ્ત્રીનગર શાક માર્કેટ પાસેથી પસાર થતી હતી. ત્યારે ગાડીમાં સવાર સુપરવાઈઝર જયેન્દ્રસિંહને શંકા ગઈ હતી કે, ગાડીમાંથી કંઈક નીચે પડી ગયું છે. જેથી ગાડી થોભાવી હતી.

# અપોલો અમદાવાદના ડૉક્ટર દ્વારા ભારતમાં સૌ પ્રથમવાર પ્રોસ્ટેટીક આર્ટરી ઈમ્બોલાઈઝેશનની પ્રક્રિયા કરાઈ

અમદાવાદ, તા. ૪

મોટી થઈ ગયેલી પ્રોસ્ટેટના કિસ્સામાં ભારતીય સૌ પ્રથમવાર અપોલો હોસ્પિટલ, અમદાવાદના ઈન્ટરવેન્શનલ સ્પેશ્યાલીસ્ટ ડૉ. સંદીપ ઝાલાએ પ્રોસ્ટેટીક આર્ટરી ઈમ્બોલાઈઝેશન (સંકોચન) નામની નોન-સર્જીકલ પ્રોસીજર કરી છે. ડૉ. સંદીપ ઝાલા જણાવે છે કે 'પ્રોસ્ટેટીક આર્ટરી ઈમ્બોલાઈઝેશન' નો સૌથી મોટો લાભ શસ્ત્રક્રિયાની તુલનામાં ઓછા જોખમ અને ઓછી આડ અસરનો છે. પ્રોસ્ટેટ સર્જરી કરાવ્યા પછી દર્દી નપુસંકતા, પેશાબ અને વીર્ય ભલી જઈને બહાર આવવા, પેશાબ માર્ગમાં ચેપ તથા પેશાબમાં લોહીના અંશો જણાવાનો અનુભવ કરે છે.

આ નોન-સર્જીકલ પ્રોસીજર એન્જીયોગ્રાફી દ્વારા કરવામાં આવે છે. એક નાનું એન્જીયોગ્રાફી કેથેટર પ્રોસ્ટેટને લોહી પૂરું પાડતી નળીમાં પસાર કરવામાં આવે છે અને ત્યાર બાદ માઈક્રોસ્ફિયર (એમ્બ્રોસ્ફિયર) અથવા માઈક્રોન સાઈઝના પોલી વિનાઈલ આલ્કોહોલના કણ ઈન્જેક્ટ કરવામાં આવે છે, જેથી પ્રોસ્ટેટને મળવા લોહીનો પુરવઠો ઘટે અથવા બંધ થઈ જાય. આને પરિણામે પ્રોસ્ટેટ સંકોચાય છે અથવા તો પોચી પડે છે, એને કારણે મધ્યમાથી પસાર થતા મૂત્રમાર્ગ ઉપરનું દબાણ હળવું થાય છે.

આ પ્રોસીજર અંગેનો પ્રથમ વૈજ્ઞાનિક સ્ટડી રિપોર્ટ નવેમ્બર ૨૦૧૧માં રેડિયોલોજી સોસાયટી ઑફ નોર્થ અમેરિકામાં ડૉ. પિકાસોએ રજૂ કર્યો હતો. ત્યાર પછી સેન્ટ્રલ અમેરિકા, યુએસએ, યુકેના ઘણાં કેન્દ્રોમાં પ્રોસ્ટેટ મોટી થઈ ગઈ હોય તેવા દર્દીઓને પ્રોસીજર કરવામાં આવી હતી. ૬૩ વર્ષની વયના વૃધ્ધ વ્યક્તિને વારંવાર પેશાબ કરવા જવાની ઈચ્છા થતી હતી પણ મૂત્રવહનમાં તકલીફ પડતી હતી. છેલ્લા ત્રણ વર્ષથી રાત્રે વારંવાર પેશાબની ઈચ્છાથી તકલીફ પડતી હતી. તેમની અલ્ટ્રાસાઉન્ડ તપાસ કરતાં જણાયું કે તેમની પ્રોસ્ટેટનું કદ ઘણું મોટું હતું અને પેશાબ પછી તેમના પિત્તાશયમાં મૂત્રના નોંધપાત્ર અંશો જણાયા હતા.

દર્દીને શસ્ત્રક્રિયાને બદલે તેની પસંદગી અનુસાર પ્રોસ્ટેટીક આર્ટરી ઈમ્બોલાઈઝેશન પ્રોસીજર કરવામાં આવી. હમણાં સુધી મોટા થઈ ગયેલા પ્રોસ્ટેટની સારવાર મૂત્રમાર્ગમાં થઈને આસપાસ સફરજન જેવા પ્રોસ્ટેટમાં સિસ્ટોસ્કોપ પસાર કરીને કરવામાં આવતી હતી અને તેનુ કદ TURP (Trans Uretharal Resection of Prestate) શસ્ત્રક્રિયા કરીને નાનું કરવામાં આવતું હતું.

## શબ્દાવલી - ૪૮૬૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | | | | ■ |
| ૧૨ | ૧૩ | | ■ | ■ | ■ | | ■ |
| ■ | ૧૪ | | | ૧૫ | ૧૬ | ■ | ૧૭ |
| ૧૮ | ■ | | ■ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | ■ | | ■ | ૨૩ | |
| ૨૪ | | ■ | ૨૫ | | | | ■ |

**આડી ચાવી**

૧. લશ્કરની ટૂકડી (૪)
૪. મુશ્કેલી (૩)
૭. સાધુ, મહાત્મા (૨)
૮. ગરોળીની અધાર (૨)
૧૦. ઢાબો, નાની હોટલ (૨)
૧૧. ચંચળતા, ધમપછાડા (૫)
૧૨. એક સંગીત વાદ્ય (૩)
૧૪. બહુ લફરાં કર્યા કરતું હોય તેવું (૫)
૧૯. ગુજરાતી પ્રથમ મહિનો (૪)
૨૧. કપાળ (૩)
૨૩. હઠ, રટણ (૨)
૨૪. ખીલી, નાનો ખુંટો (૨)
૨૫. દ્વેષ, વેર (૪)

**ઊભી ચાવી**

૧. પસંદ કરવું તે (૪)
૨. કુટેવ (૨)
૩. પાટનગર, ગાંધી... (૫)
૫. બદલવું, ... નાખવું (૪)
૬. ચીડ, ગુસ્સો (૨)
૯. પ્રેમનું અંગ્રેજી (૨)
૧૧. તરફડવું તે (૫)
૧૩. માથાનાં વાળ ના હોય તેવું (૨)
૧૫. કાયદાનું સાર (૪)
૧૬. ઝવેરાત, વૃધ્ધ (૨)
૧૭. પાકેલું, વૃધ્ધ (૨)
૧૮. સુખપાલ, માણસો ઊંચકીને ચાલે તેવું સાધન (૩)
૨૦. ત્વરાથી, જલદી (૩)
૨૨. ઈમારતી લાકડુ વેચવાની દુકાન (૨)

### શબ્દાવલી ૪૮૬૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) આલીશાન (૪) અજબ (૬) નસકોરા (૮) દાલબાટી (૯) તર (૧૦) રેપર (૧૨) કર (૧૩) ઉક (૧૫) ડવ (૧૬) પાણકોપર (૧૯) પરાવલંબી (૨૦) કાજ (૨૧) ભરત

**ઊભી ચાવી :-** (૧) આફત (૨) શાનદાર (૩) નસલ (૪) અરાટીએ (૫) બરાબર (૭) કોબા (૯) તરવરાટ (૧૧) પરોપકાર (૧૨) કડપ (૧૩) ઉપાલંભ (૧૪) કણબી (૧૮) રજત

## નાકે દમ લાવી દેશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સ્વામી વિવેકાનંદ યાત્રા ૧૧મી ઓક્ટોબરે પૂર્ણ થાય છે. કોંગ્રેસની શિક્ષણ અધિકાર યાત્રા પણ પૂરી થઈ છે. હવે આ બન્ને પક્ષોએ નવી એક યાત્રા કાઢવી પડે તેમ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે નરેન્દ્ર મોદી ૧૧મી ઓક્ટોબર પછી એક નવી યાત્રા કાઢી રહ્યાં છે, તે સાથે જ્ઞાતિવાર સંમેલનોની પણ શરૂઆત થનાર છે.

ગુજરાતની ચૂંટણી માટે એવી અપેક્ષા હતી કે તારીખ થોડી મોડી એટલે કે ૧૦મી ઓક્ટોબર પછી જાહેર થશે પરંતુ ભારતના ચૂંટણી પંચે હિમાચલની સાથે ગુજરાતની ચૂંટણી તારીખો પણ જાહેર કરી દીધી છે. બન્ને પાર્ટીઓએ આવકાર આપ્યો છે પરંતુ આચાર સંહિતાના કારણે રાજકીય નેતાઓનો દમ નિકળી જવાનો છે.

ખાસ કરીને સત્તાધારી ભાજપ માટે ૬૯ દિવસ કપરાં સાબિત થવાના છે કારણ કે આ દિવસો દરમ્યાન વહીવટી તંત્રનો કોઈ લાભ મળી શકવાનો નથી. નવી કોઈ જાહેરાત કે નિતી વિષયક નિર્ણયો લઈ શકાય તેમ નથી. કોંગ્રેસ માટે તો ઉમેદવારો પસંદ કરવાનો અને ટીકીટ નહીં આપવાની થાય છે તેવા નેતાઓને સમજાવી અને મનાવી લેવાનો સમય મળ્યો છે.

૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ ૧૦મી ઓક્ટોબરે જાહેર કરવામાં આવ્યો હતો અને ૧૧મી તથા ૧૬મી ડિસેમ્બરે મતદાન થયું હતું. ૨૩મી ડિસેમ્બરે પરિણામ જાહેર થયું હતુ. મોદીએ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં ૨૫મી ડિસેમ્બરે ત્રીજીવારના મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. આ વખતે કાર્યક્મ વહેલો જાહેર થયો છે અને મતદાન પણ મોડું છે.

ગુજરાતમાં ૧૯૯૫ની ચૂંટણી બે તબક્કામાં યોજવામાં આવી હતી પરંતુ ૨૦૦૨ની ચૂંટણી એક તબક્કામાં હતી. ફરીથી ૨૦૦૭માં બે તબક્કા થયા હતા, હવે ૨૦૧૨માં પણ બે તબક્કામાં ચૂંટણી યોજવામાં આવી છે. ચૂંટણી આડેના દિવસો વધારે હોવાથી રાજકીય પાર્ટીઓને ખર્ચા પણ વધારે થશે અને વધારે સમય સુધી મતદારોને લલચાવવાનો પ્રયાસ કરવો પડશે.

સરકાર માટે નવરાત્રી આચાર સંહિતામાં આવી ગઈ છે. સરકારી કાર્યક્મો બંધ થશે. પોસ્ટરો અને બેનરો ઉપર બ્લેકઆઉટ થશે. મુખ્યમંત્રી સહિત કેબિનેટના સભ્યોને પાર્ટી કાર્યાલયમાં હાજરી આપવી પડશે. ચૂંટણી પંચની ચૂસ્ત નિગરાની હેઠળ શાસક પક્ષની હાલત વધારે કફોડી થશે.

## મતદાર જાગૃતિ અભિયાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઉજવણીમાં સામેલ કરવાની વ્યુહરચના વિચારી છે. જેમાં ભુલકાંઓને તેમના શિક્ષકો દ્વારા એક મતદાર જાગૃતિના સૂત્ર સાથેનું કાર્ડ આપવામાં આવશે અને તે બાળક ઘરે જઈ તેના વાલીને આ કાર્ડ વંચાવશે.

પંચ દ્વારા વોટરસ્લીપ પણ મતદારના ફોટા સાથે વિતરણ કરવાનું આયોજન છે. આ વોટરસ્લીપ ઉપરાંત મતદાન મથકો પર મતદારો માટે ખાસ હેલ્પ ડેસ્ક પણ ઉભા કરવામાં આવનાર છે. આમ નવા સીમાંકન પ્રમાણે પ્રથમ વિધાનસભાની ચૂંટણીમાં મતદાર-જાગૃત્તિ અભિયાન મહત્વનું પૂરવાર થશે.

મળતી વિગતો પ્રમાણે મલ્ટીપ્લેક્ષ સિનેમાગૃહોની ટિકિટો, દૂધના પાઉચ પર પણ મતદાર જાગૃત્તિ અંગેના સૂત્રો છપાવવા માટેની વિચારણા ચાલી રહી છે. આ માટે સહકારી સંસ્થાના આગેવાનો તેમજ થિયેટરોના માલિકો સાથે વાતચીત કર્યા બાદ નિર્ણય આખરી કરવામાં આવશે.

તંત્રના અને પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે 'સ્વીપ' કાર્યક્રમ જે મતદારયાદી સુધારણા દરમ્યાન યોજવામાં આવ્યો હતો તે સફળ રહ્યો હતો કારણ કે નવા નામ દાખલ કરવા માટેની મળેલી અરજીઓમાં ૫૦ ટકા કરતાં વધુ અરજીઓ યુવા મતદારોની હતી.

જિલ્લામાં ઈપી રેસિયો જે નોંધાયો છે તે પણ રાજ્યની સરેરાશ કરતાં વધુ આવ્યો છે. મતદાર યાદીની સુધારણા દરમ્યાન તેમાં બે ટકા જેવો સુધારો નોંધાયો છે. આ ઉપરાંત જેન્ડર રેસિયામાં પણ સુધારો જોવા મળ્યો હોવાનો તંત્રનો દાવો છે.

જિલ્લામાં આગામી સપ્તાહથી મતદાર જાગૃત્તિ અભિયાનનો એક્શન પ્લાન એક-બે દિવસમાં જ આખરી થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. આ માટે એક ખાસ નોડલ ઓફિસર અને તેમની ટીમ કામ કરી રહી છે.

## કિંમતી જમીનો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જમીનો પધરાવી દેવાના બાબતે પ્રધાનમંત્રીને રજૂઆત કરતા પ્રધાનમંત્રીએ પણ હસ્તક્ષેપ કરવાની ફરજ પડી હતી. આમ છતાં ભ્રષ્ટાચાર આચરવાના ઈરાદા સાથે જ શરૂ કરવામાં આવેલ આ જમીનો પધરાવી દેવાની પ્રક્રિયાએ ન રોકીને કૌભાંડો આચરવામાં આવ્યા છે. વાસ્તવિક રીતે આ જમીનોના આજની સ્થિતિએ ભાવ ૬૦ હજારથી ૭૦ હજાર સુધી પ્રતિ ચો.મી. છે. આ જમીનો પાટનગરની વ્યવસ્થા માટે અને વ્યાપ વધારવા માટે, વિકાસ માટે અનામત રાખવામાં આવેલ અને તે પણ ખેડૂતો પાસે લેવામાં આવેલ.

શ્રી મોઢવાડીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ જમીન પ્રકરણમાં બે અરજીઓ કરવામાં આવેલ. જેમાં એકમાં ૨૫ અરજીઓ જુદા જુદા સર્વે નંબરોની હતી અને બીજી ૪ અરજીઓ એમ કુલ મળી ૨૯ અરજીઓ શાહ કમીશન સમક્ષ કરવામાં આવેલ. ગાંધીનગર અને કચ્છમાં અદાણીને જમીનો પધરાવી દેવામાં પણ સ્ટેમ્પ ડ્યુટીમાં પણ રાહત આપવામાં આવી. આ ગૌચરની જમીનો પધરાવી દેવા માટે પંચાયતો, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતોમાં ઠરાવ પણ કરવામાં આવ્યા નહોતા. આમ આવી ગેરરિતીઓ કરીને બે જ કિસ્સામાં ૧ લાખ ૫૦ હજાર કરોડ રૂપિયા કરતા વધુની કિંમત આ જમીનો સસ્તા ભાવે મળતિયા ઉદ્યોગપતિઓને પધરાવી દેવામાં આવી છે.

શ્રી મોઢવાડીયાએ વધુમાં પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે આ આખી બાબતની તપાસ એન્ટી કરપ્શન એક્ટ હેઠળ થવી જોઈએ. કોંગ્રેસની સરકાર આવશે તો આ બધા કૌભાંડોની નિષ્પક્ષ તપાસ થશે. જેઓએ જમીનોનો ઉપયોગ કર્યો નથી તેઓની પાસેથી જમીન પાછી લેવામાં આવશે. અને આવા ઉદ્યોગપતિઓને ક્યારેય જમીન આપવામાં આવશે નહી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત નામની વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી બનાવવા માટે જમીન ફાળવવા માટે વિનંતી કરવામાં આવી છે. છતાં આ જમીન કિંમતી હોઈ તે આપી ન શકાય તેવું સરકાર દ્વારા જણાવવામાં આવે છે એમ કહી ભાજપ સરકારને નીતિ ભ્રષ્ટ હોવાની વાત પુનઃ દોહરાવી હતી.

## નિયમનના ભંગ બદલ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દસ્તાવેજી પુરાવા ન હોય, પેસેન્જરની સંખ્યા વધુ હોય તેમજ લાયસન્સ ધરાવતા વાહનચાલકો સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અન્વયે ૪૨ કિંમતી વાહનો, ૯ ફોર વ્હીલરના ચાલકો, ૧૯ જીપચાલકો, ૯૪ ઓટોરીક્ષા, ૧૨ ટ્રક, ૩ પેસેન્જર બસ તેમજ ૩ ટ્રેક્ટર ચાલકો પાસેથી કુલ રૂ. ૧.૧૬ લાખનો દંડ વસુલવામાં આવ્યો હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે. માત્ર સપ્ટેમ્બર મહિના દરમિયાન જ સવા લાખ જેટલો દંડ વસુલવામાં આવ્યો છે.